## ઉપસંહાર :

ગુજરાતના ચારેય વિસ્તારમાં માલધારીઓ વર્ષોથી વસવાટ કરે છે. ગીર, હાલાર, પંચાળ અને કચ્છ-બન્નીનો તેમા સમાવેશ થાય છે. આ ચારેય વિસ્તારમાં વસતા માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોકસાહિત્ય વિશેનું સંશોધન એ મારો સંશોધનનો મુખ્ય વિષય છે. સંશોધનમાં માહિતી મેળવવી અને તેનું અર્થઘટન જેટલું અગત્યનું છે. તેટલું જ મહત્ત્વ તારણોનું પણ રહેલું છે. કોઈપણ સંશોધન કેવળ પૃથ્થકરણની મદદથી પુરુ થતું નથી. અર્થઘટન અને પૃથ્થકરણ બાદ અભ્યાસનો સારાંશ તારવવામાં ન આવે ત્યાં સુધી સંશોધન અપૂર્ણ ગણાય. જ્યાં સુધી સંશોધનમૂલક તારણ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી સશોધનનો સ્પષ્ટ અર્થ ન રહે એ દષ્ટિએ આ સંશોધન અભ્યાસમાં જે તારણો પ્રાપ્ત થયા છે. તે પ્રસ્તુત પ્રકરણમાં અપવાનો ઉપક્રમ છે.

પ્રસ્તુત અભ્યાસ ગુજરાતના માલધારીઓનું લોકવાઙ્મય, તુલનાત્મક અને સમીક્ષાત્મક અભ્યાસ અંગેની માહિતીનું વર્ગીકરણ, પૃથ્થકરણ કરેલ છે અને તેના આધારે સમગ્ર અભ્યાસના નીચોડરૂપે કેટલાક સંશોધનમૂલક તારણો રજૂ કરેલ છે જે નીચે મુજબ છે.

## (૧) પ્રથમ પ્રકરણ :-

પ્રથમ પ્રકરણમાં ગીરના માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોકસાહિત્ય રજૂ કરેલ છે. ગીરનો પરિચય, ગીર અભ્યરણ, ગીર વસાહત, ગીરની વન્ય સંપત્તિ, પ્રાણી સૃષ્ટિ, પર્યટન ધામો, ગીરના નેસડામાં વસ્તી માલધારી જાતિ, તેમનો વ્યવસાય, ખોરાક, વસ્ત્રાલંકારો, રીતરિવાજ, તેમની લોકસંસ્કૃતિ રજૂ કરેલ છે. ગીરના જંગલમાં માલધારીઓના ૭૦ થી ૮૦ નેસ હાલમાં ઉપલબ્ધ છે. ગીરમાં ભરવાડ, આહીર, ચારણ અને રબારી જેવી ગોપાલક જ્ઞાતિઓ વર્ષોથી પશુપાલન ક્ષેત્રે જોડાયેલી છે. અહીના માલધારીઓ પશુઓને ઉછેરીને પોતાનું ગુજરાન ચલાવે છે. સાદો અને સાત્વિક તેમનો ખોરાક છે. ભગવાન શ્રીકૃષ્ણને તેઓ ઈષ્ટદેવ માને છે. ગીરના માલધારીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે. છેલ્લા બે દાયકામાં તેમા વધારો જોવા મળ્યો છે. સરકારશ્રીએ ગીર વિસ્તારમાં ઘણી આશ્રમશાળાઓ ખોલી છે. જેનો લાભ માલધારીઓ લઈ રહ્યા છે. શિક્ષણનું સ્તર ઓછુ હોવાથી અહીંના માલધારીઓ પશુપાલન ઉપરાંત ખેતી જેવા વ્યવસાય સાથે જોડાયેલા છે. રૂઢિગત માન્યતાને કારણે પુરુષો કરતા સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નીચું જોવા મળ્યુ છે. અભણ માલધારી પ્રજા અંધશ્રધ્ધામાં વધારે માને છે. આજે પણ 'ભૂવા' અને ભગતનું સમાજમાં ઊચું સ્થાન જોવા મળે છે. નિમ્ન શિક્ષણને લીધે આજે પણ આ જ્ઞાતિ જૂના રીત-રિવાજો અને માન્યતામાંથી બહાર આવી નથી. સાંપ્રત સમયમાં માલધારી સંઘની સ્થાપના કરવામાં આવી છે. સરકાર તરફથી ઘણી યોજનાઓનો લાભ તેમને મળ્યો છે. ગીરમાં વસતા માલધારીઓને સરકારે અનુસૂચિત જનજાતિમાં સમાવી લીધા છે. ગીરના જંગલમાં સાસણગીરનું અભ્યારણ્ય પ્રાકૃતિક અને હરિયાળુ છે.

## (૨) બીજુ પ્રકરણ :-

બીજા પ્રકરણમાં હાલારના માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોકસાહિત્યનો પરિચય આપવામાં આવ્યો છે. પૂર્વ જ હાલાજીના નામ પરથી હાલાર નામ રાખવામાં આવ્યું છે. જે હાલમાં જામનગર જિલ્લાથી ઓળખાય છે. હાલારની હરિયાળી સમૃધ્ધિથી આકર્ષાઈને માલધારી સમાજ અહીં સ્થાયી થયો છે. હાલારમાં માલધારીઓની મુખ્ય ત્રણ જાતિઓ વસે છે. (૧) રબારી (૨) ભરવાડ (૩) અગરવચ્છા ચારણ. જેમાં રબારીની બે પેટા જાતિ જોવા મળે છે. (૧) સોરઠિયા રબારી (૨) ભોપારબારી.

હાલારના માલધારીઓ તેના ખોરાક, પોશાક અને રહેઠાણથી પરખાય છે. હાલારમાં રબારીની વસ્તી વધારે છે. સોરઠિયા રબારી સ્થાયી જીવન જીવે છે. જ્યારે ભોપા રબારી મોટેભાગે ભટકતું જીવન ગાળે છે. સોરઠિયા રબારીમાં શિક્ષણનું સ્તર ઊંચુ જોવા મળ્યું છે. જ્યારે ભોપા રબારીમાં શિક્ષણ નિમ્ન છે. એટલે ભોપા રબારીમાં રૂઢિગત માન્યતા અને કુરિવાજો આજે પણ જોવા મળે છે. અહીંના ભરવાડો મોટેભાગે સીવેલા કપડાં પહેરતા નથી. જ્યારે અગરવચ્છા ચારણો શરીરનું ઉપરનું અંગ મોટેભાગે ખુલ્લું રાખે છે. આજે નવી પેઢીના યુવાનો કડિયા, ઝભ્ભા, પહેરણ, પેન્ટશર્ટ પહેરતા થયા છે. અહીંના માલધારીઓ વિવિધ પ્રકારના લોકોત્સવો પણ મનાવે છે. શ્રીકૃષ્ણ તેમના ઈષ્ટદેવ ગણાય છે. જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવે છે. વર્ષમાં આવતી બારેય બીજનું મહત્ત્વ છે. પરંતુ ‘અષાઢીબીજ’ અનોખી રીતે ઉજવે છે. અહીંયા રબારી, ભરવાડ અને અગરવચ્છા ચારણોના ખોરાક, પોશાક, રહેઠાણ, વ્યવસાય, રીતરિવાજ વગેરેનું સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે. તેમની લોકકલા તેમજ લોકસાહિત્યનું વર્ણન પણ કર્યું છે. હાલારના લોકગીતોમાં રાસડા, લગ્નગીતો, ફટાણા ગીતો હાલરડાં તેમજ લોકકથાને વર્ણવી છે. હાલારના માલધારીઓની લોકસંસ્કૃતિએ આપણા સભ્ય સમાજથી સ્થિર જીવનવાસીઓની શિષ્ટ સંસ્કૃતિથી નિરાળી છે. ભ્રમણશીલ જીવનની આ લોકસંસ્કૃતિ એક નિરાળા લોકસાહિત્યની જન્મદાત્રી છે.

## (૩) ત્રીજુ પ્રકરણ :-

ત્રીજા પ્રકરણમાં પંચાળના માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોકસાહિત્યને દર્શાવવામાં આવ્યુ છે. પંચાળ કોઈ રાજ્ય દ્વારા અપાયેલ નામ નથી પરંતુ સુરેન્દ્રનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લાના ત્રિભેટાનો નાની-મોટી ટેકરીઓથી શોભિત વિસ્તાર પંચાળભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. પંચાળ પ્રદેશના નામનો ઉલ્લેખ બ્રાહ્મણ અને ઉપનિષદ ગ્રંથોથી માંડી આપણા પુરાણો સુધી મળી આવે

છે. પંચાળમાં મુખ્યત્વે માલધારીઓની મુખ્ય બે જાતિ વસે છે. ભરવાડ અને રબારી. સૌરાષ્ટ્રમાં ગોપાલક જ્ઞાતિ ચાર છે. ભરવાડ, આયર, રબારી અને ચારણ, ચારેય જ્ઞાતિના રીત-રિવાજોમાં સામ્યતા જોવા મળે છે. પરંતુ દરેક જ્ઞાતિના લગ્ન સંબંધો પોતાના પૂરતા સિમિત છે. ચારેય ભગવાન શ્રીકૃષ્ણને ઈષ્ટદેવ તરીકે પૂજે છે. ભરવાડ જ્ઞાતિમાં વ્યવસાયને કારણે બે પ્રકાર પડે છે. નાનાભાઈ ભરવાડ અને મોટાભાઈ ભરવાડ. ગાય, ભેંસ પાળનારા ઊંચા તે મોટાભાઈ ભરવાડ કહેવાય. ઘેટા-બકરા પાળનારા નીચા તે નાનાભાઈ ભરવાડ કહેવાય. અહીંના માલધારીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછુ જોવા મળે છે. દોઢેક દાયકામાં તેમા સુધારો જોવા મળ્યો છે. આજથી ૬૦ વર્ષ પહેલા આ સમાજમાં ભણેલો માણસ ભાગ્યે જ મળી આવતો. ભગત, ભૂવા અને બારોટ આ ભોલી, અભણ પ્રજાને સતત લૂંટતી રહે છે. શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાથી રૂઢિગસ્ત માન્યતા, રીત રિવાજો અને અંધશ્રદ્ધાને વધુ સમર્થન આપે છે. અહીં વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે. અહીંના માલધારીઓ પશુપાલન તેમજ ખેતિ સાથે જોડાયેલા વધુ જોવા મળે છે. હાલમાં નાના-મોટા શહેરોમાં દૂધની ડેરી, ચાની હોટેલ કે નાની-મોટી નોકરી કરતા થયા છે.

પંચાળના માલધારીઓની ‘રબારી ભરત’ નામની આગવી શૈલીને ભરતકળામાં આગવું સ્થાન મળ્યું છે. એ કળા માત્ર રબારી પ્રજાને જ હસ્તગત છે. પંચાળના માલધારીને ગામડામાં સ્થાયી ઘર હોવા છતાં પશુપાલન માટે ભટકતું જીવન ગુજારવું પડે છે. પંચાળમાં લોકસાહિત્ય અલ્પ પ્રમાણમાં મળે છે. પણ આગવી મુદ્રાઓ આ સાહિત્ય ધરાવે છે. એ દષ્ટિએ લોકસંસ્કૃતિ સાથે આ પ્રદેશના લોકસાહિત્યને આગવો કહી શકાય એવો સંબંધ છે. આ પ્રદેશમાં નાના-મોટા અનેક દેવસ્થાનો આવેલા હોવાથી ‘દેવભૂમિ’ તરીકે પણ ઓળખાય છે.

## (૪) ચોથુ પ્રકરણ :-

ચોથા પ્રકરણમાં કચ્છ-બન્નીના માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોકસાહિત્ય રજૂ કર્યુ છે. ભુજથી ઉત્તર બાજુ ૧૮ કિ.મી. ચાલતા લોરિયા પછી ખાવડા સુધીનો વિસ્તાર બન્ની કહેવાય. કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ તાલુકામાં ૧૬૦ ગામડા પૈકીના ૫૬ ગામડાં બન્ની પ્રદેશમાં આવેલા છે. લગભગ અઢી-ત્રણ હજાર વર્ષથી આ વિસ્તાર માલધારીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે. આઝાદી સમયે લગભગ બન્નીમાં ૪૦ જેટલા વાંઢ હોવાનું કહેવામાં આવતુ. હાલમાં બાવન જેટલી વાંઢો છે. વર્તમાન સમયમાં બન્નીમાં હિન્દુ-મુસ્લિમ બન્ને પ્રજા વસે છે. મુસ્લિમો પણ ગાયને પાળે છે તેની પૂજા કરે છે તેનું માંસ ખાતા નથી. બન્નીનાં લોકો જે ઘર બાંધે છે તેને ‘ભૂંગા’ નામે ઓળખવામાં આવે છે. બન્નીમાં ઘાસના પુષ્કળ મેદાનો આવેલા છે. એટલે જુદા-જુદા રાજ્યોમાંથી વિવિધ જ્ઞાતિ-જાતિની પ્રજા અહીં વસે છે.

અહીના માલધારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. સાથે-સાથે કચ્છ-બન્નીમાં હસ્તકળા ગૃહ ઉદ્યોગને પણ સારુ એવું પ્રોત્સાહન મળ્યું છે. બન્નીનું ભરત ગૂંથણ દેશ-વિદેશમાં વખણાય છે. 'બન્ની ભરત'ની એક નવી શૈલીની શરૂઆત અહીંના બન્નીયરોએ કરી છે. જે ખૂબ જ લોકપ્રિય છે. ઉપરાંત માટીકલા, ખરકી ઉદ્યોગ, અજરખ પ્રિન્ટ જેવા ઉદ્યોગો સારી રીતે વિકાસ પામ્યા છે. સરકારશ્રીના સહકારથી દરવર્ષે કચ્છમાં 'રણોત્સવ' યોજાય છે. જેમા દેશ-વિદેશના લોકો ભાગ લે છે. આ પ્રવાસીઓને કચ્છની લોકકલા આકર્ષે છે. ખરેખર બન્નીયરોની ખાસિયતો અને સંસ્કૃતિનું પરિવહન વિવિધ લોકકલાઓમાં જોવા મળે છે. બન્નીનું લોકસાહિત્ય પણ તેની લોકકળાની જેમ વિશાળ છે. તેમના લોકગીતો, લગ્નગીતો, હાલરડાં લોકકથાઓ બેનમૂન છે. જેમા 'સસઈ-પુન્હુ', 'જેસલ-તોરલ', 'ઉમર-મારુઈ', 'રાય દિયાસ', 'સુહિણી-મેહાર', 'લીલા અને ચનેસર' વગેરે લોકપ્રિય લોકકથાઓ છે.

## (૫) પાંચમું પ્રકરણ :-

પાંચમા પ્રકરણમાં ગીર, પંચાળ, હાલાર અને કચ્છ-બન્ની પ્રદેશના માલધારીઓના લોકવાઙમયનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. ગુજરાતના ચારેય પ્રદેશમાં માલધારી પ્રજા વર્ષોથી વસે છે. ગીર, પંચાળ અને હાલારમાં હિન્દુ, માલધારી પ્રજા વસે છે. જ્યારે કચ્છ-બન્નીમાં હિન્દુ-મુસ્લિમ બન્ને માલધારી પ્રજા વસે છે. આમ જ્ઞાતિ ભેદ હોવા છતાં હિન્દુ માલધારીઓની જેમ મુસ્લિમ માલધારીઓ ગાયની પૂજા કરે છે. આ ચારેય પ્રદેશના માલધારી પ્રજા વચ્ચેની સામ્યતા કહી શકાય. ગીર, પંચાળ અને હાલારના માલધારીઓ ઝૂંપડા, કૂબાનેસ કે કાચા મકાનમાં વસવાટ કરે છે. જ્યારે બન્નીનો મુસ્લિમ માલધારી 'ભૂંગા'માં વસવાટ કરે છે. ગીર અને પંચાળના માલધારીઓ વચ્ચે ખોરાક, પોશાક અને રહેઠાણ બાબતે સમાનતા જોવા મળે છે. જ્યારે હાલારના માલધારીઓ વચ્ચે ભિન્નતા જોવા મળે છે. હાલારમાં ત્રણ પ્રકારના માલધારીઓ વસે છે અને ત્રણેય વચ્ચે ભિન્નતા રહેલી છે. રબારીમાં બે જાતિ સોરઠિયા અને ભોપા રબારી. સોરઠિયા રબારી ગામ કે નેસમાં રહે છે. તે શિક્ષિત પ્રજા છે. સ્થાયી જીવન જીવે છે. જ્યારે ભોપારબારી માત્ર ચોમાસાના ચાર મહિના જ ગામમાં સ્થિર રહે છે. બાકીના આઠ મહિના વાંઢયે નીકળી જાય છે તેમના રીત રિવાજો અલગ છે. જ્યારે ભરવાડ લોકો તો ગામ કે નગરમાં વસીને દૂધ વેચવાનો ધંધો કરે છે. અગરવચ્છા ચારણ લોકો બરડા ડુંગરમાં વસે છે. તેઓ અભણ છે. તેમનો પહેરવેશ બધાથી અલગ છે. તેમના રીત રિવાજો માન્યતા, રહેણી કરણી અન્ય ચારણો કરતા ભિન્ન છે. તેઓ ૨૧ મી સદીમાં પણ અભણ જોવા મળે છે. તેઓ પશુપાલન સિવાય અન્ય ધંધો તેઓ જાણતા નથી અને કરતા પણ નથી.

કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓ પશુપાલન સાથે ગૃહ ઉદ્યોગને પણ મહત્ત્વ આપે છે. નવરાશના સમયમાં ઘરમાં બેસી ભરતગૂંથણ કરે છે. બન્નીયરોની લોકકળાએ દેશ અને દુનિયામાં નામ રોશન કર્યુ છે. બન્નીભરત, લોકભરત, બન્નીની ઘડકી, ભરત ગૂંથણ, લીંપણકળા, માટીકામ એ બન્નીના મહત્ત્વના ગૃહઉદ્યોગ છે.

આમ, અભ્યાસના અંતે સ્પષ્ટ થાય છે કે કચ્છ-બન્નીના માલધારીઓમાં સાંપ્રત સમયમાં જેટલા ફેરફાર  થયેલા જોવા મળે છે. એટલા પંચાળ અને ગીરના માલધારીના લોકજીવનમાં ફેરફાર જોવા મળતા નથી. હાલારના સોરઠિયા રબારીમાં હાલના સમયમાં શિક્ષણને લીધે ઘણા ફેરફાર થયેલા જોવા મળે છે.

❖ ❖ ❖ ❖